# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી-વેરાવળ

**દૂરસ્થ શિક્ષા**

## દૂરવર્તી શિક્ષણ ડીપ્લોમા અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ – ૨૦૨૪ -૨૫માં ઓનલાઇન ફોર્મ ભરવા માટે ના જરૂરી નિયમો

-----------------------------------------------------------------------------------

### ➤ પ્રવેશ અંગેની અગત્યની સૂચનાઓ:-

- પ્રવેશ ફોર્મ અને ફી બંને **erp.sssu.ac.in** પર ઓનલાઇન માધ્યમથી જ ભરવાનું રહેશે. અન્ય કોઈ માધ્યમથી પ્રવેશ આપવામાં આવશે નહીં.
- ઓનલાઈન ફોર્મ ભરતા પહેલાં અગત્યની સૂચનાઓ,માહિતી સમજી વિચારીને કાળજીપૂર્વક ફોર્મ ભરવું.
- એક સમયે એક ડીપ્લોમાં દૂરવર્તી અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ શકાશે.
- દૂરવર્તી શિક્ષા વિભાગ દ્વારા ક્રિયાન્વિત ડિપ્લોમા અભ્યાસક્રમોમાં ઉત્તરની ભાષા સંસ્કૃત/ ગુજરાતી/ હિન્દી રહેશે. (આ અભ્યાસક્રમો સંસ્કૃત ભાષા અને પરંપરા સાથે જોડાયેલા હોય સીલેબસ મુજબ અમુક ડિપ્લોમા કોર્સમાં અમુક પ્રશ્નોના જવાબ સંસ્કૃતમાં લખવાના થશે જે નોંધ લેવી. ઉદાહરણ તરીકે, સંસ્કૃત લેંગ્વેજ કોર્સમાં "આપનો પરિચય સંસ્કૃતમાં આપો" જેવા પ્રશ્નોના જવાબો.)
- એનરોલમેન્ટ નંબર મળ્યા બાદ જ પરીક્ષા ફોર્મ ભરી શકાશે. આપનું એડમીશન નિર્ધારિત પ્રક્રિયા દ્વારા ફી ભરી કન્ફર્મ થયા બાદ યુનિવર્સિટી દ્વારા આપને એનરોલમેન્ટ નંબર આપવામાં આવશે.
- દૂરવર્તી ડીપ્લોમાં અભ્યાસક્રમની સાથે વિદ્યાર્થી અન્ય કોઈ એક અભ્યાસક્રમ પણ કરી શકશે. તેમજ નોકરી કરતા હોય તો પણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે.
- ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ વિદ્યાર્થીએ યુનિવર્સિટી ખાતે ભરેલ ફોર્મ તથા જરૂરી ડોક્યુમેન્ટ મોકલી આપવાના નથી.
- સંપૂર્ણ ફી ઓનલાઈન માધ્યમથી ભરવાની રહેશે.
- વિદ્યાર્થીએ ઓનલાઈન ભરેલ ફોર્મ અને ડોક્યુમેન્ટ ચકાસણી કર્યા બાદ જો કોઇ વિસંગતતા હશે તો વિદ્યાર્થી નો પ્રવેશ કેન્સલ થશે.
- યુનિવર્સિટી દ્વારા નિયત પરીક્ષા કેન્દ્ર પરથી જ પરીક્ષા આપવાની થશે. (પરીક્ષા કેન્દ્ર ગુજરાત રાજ્યમાં જ રહેશે)
- એડમિશન કન્ફર્મ થયાં પછી જ આઈ કાર્ડ મોકવામાં આવશે.
- જે તે વિષયનું માર્ગદર્શન ઓનલાઈન માધ્યમથી નિષ્ણાંત અધ્યાપકો દ્વારા આપવામાં આવશે.
- દૂરવર્તી ડીપ્લોમાં મટીરીયલ સોફ્ટ કોપીમાં જ આપવામાં આવશે.

- દૂરવર્તી ડીપ્લોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ દરેક પેપર દીઠ ૭૦ ગુણની થીયરીની પરીક્ષા લેખિતમાં આપવાની રહેશે. અને ૩૦ ગુણનાં સ્વાધ્યાય(અસાઈમેન્ટ) કાર્ય નિયમોનુસાર યુનિવર્સિટીમાં જમાં કરવાનાં રહેશે. સ્વાધ્યાય કાર્ય જે તે સમયે યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવશે.
- દૂરવર્તી ડીપ્લોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનું પાસીંગ ધોરણ ૪૦ % રહેશે.
- જરૂરી ડોક્યુમેન્ટ, ફોટોગ્રાફ અને સહી વગેરે યોગ્ય રીતે સ્કેન કરીને જ અપલોડ કરવા.
- દૂરવર્તી ડીપ્લોમાં આભ્યાસક્રમ ને લગતા નિયમોનું સર્વે વિદ્યાર્થીઓ પાલન કરવાનું રહેશે.
- દૂરવર્તી ડીપ્લોમાં આભ્યાસક્રમ સંબંધિત આવશ્યક સૂચનાઓ અને વિગતો  વખતો-વખત યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. વિદ્યાર્થીઓએ નિયમિત વેબસાઈટની ચકાસણી કરતાં રહેવું આ અંગે અલગથી કોઈપણ વિદ્યાર્થીને વ્યક્તિગત કે અંગત જાણ કરવામાં આવશે નહી.
- દૂરવર્તી ડીપ્લોમાં આભ્યાસક્રમમાં યુનિવર્સિટીનાં વખતો-વખતનાં લાગુ પડતા નિયમો જે તે સહાયતા સેન્ટર તેમજ વિદ્યાર્થીઓને બંધનકર્તા રહેશે.
- ન્યાયિક પ્રક્રિયા વેરાવળ રહેશે.

## ➢ પ્રવેશ ફોર્મ સાથે નીચે મુજબનાં ડોક્યુમેન્ટ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે .

- સ્કુલ લીવીંગ સર્ટિફીકેટની  સ્વપ્રમાણિત નકલ  (LC) ધોરણ ૧૨
- ધોરણ-૧૨ ની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ (તમામ પ્રયાસ)
- છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ (લાગું પડતું હોય તો)
- નામમાં ફેરફાર હોય તો તે સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ નામની સ્વપ્રમાણિત નકલ
- આપનો તાજેતરનો ફોટો અને સહી અપલોડ કરવાના રહેશે.
- નિયત કરેલ ફી રૂ.૩૪૫૦/- ઓનલાઇન ભરવાની રહેશે.

## ➢ ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની મહત્ત્વપૂર્ણ સૂચનાઓ:-

- **erp.sssu.ac.in**  સાઈટ પર SIGN UP કર્યા બાદ જ વિદ્યાર્થીઓ દૂરવર્તી ડીપ્લોમાનાં  વિવિધ અભ્યાસક્રમો માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે.
- પ્રવેશ માટેના ઓનલાઈન ફોર્મમાં માહિતી સમજી વિચારીને કાળજીપૂર્વક ભરી સંપૂર્ણ ચકાસણી કરીને જ સબમિટ કરવું.
- વિદ્યાર્થીએ પોતાનો જ મોબાઈલ નંબર તથા E-Mail આપવો.
- દરેક વિદ્યાર્થીએ પોતાનાં આઈડી  અને પાસવર્ડ યાદ રાખવો.
- વિદ્યાર્થીએ રેડ માર્ક (*) કરેલ ફિલ્ડની વિગતો અને  ડોક્યુમેન્ટસ ફરજિયાત અપલોડ કરવાના રહેશે.
- ધોરણ-૧૨ ની માર્કશીટ પ્રમાણેનું નામ પ્રવેશ ફોર્મમાં દર્શાવવાનું રહેશે.
- વિદ્યાર્થી પોતાની સંપૂર્ણ વિગતો અંગ્રેજી(કેપિટલ) માં જ ભરવાની રહેશે.
- વિદ્યાર્થીએ પસંદ કરેલ નિયત પરીક્ષા કેન્દ્ર કોઈપણ સંજોગમાં બદલી શકાશે નહીં.

- વિદ્યાર્થીઓએ યોગ્ય રીતે સ્કેન કર્યા પછી તેમના દરેક દસ્તાવેજોની અસલ કોપી તેમજ ફોટોગ્રાફ અને હસ્તાક્ષર વગેરે અપલોડ કરવા જરૂરી છે.
- વિદ્યાર્થીએ 'Print Form' આપતા પહેલાં તમામ વિગતો ચેક કરવાની રહેશે. જો ફોર્મમાં સુધારો કે ક્ષતિ જણાય તો નીચે આપેલ 'Edit Option' પર ક્લીક કરી સુધારો કરવાનો રહેશે. વિદ્યાર્થીએ ત્યારબાદ 'Final-Submission' બટન પર ક્લીક કરવાનું રહેશે. એકવાર ફોર્મ કન્ફર્મ કર્યા પછી સુધારા વધારા અંગેની કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ યુનિવર્સિટી ખાતે ભરેલ ફોર્મની પ્રિન્ટ તથા જરૂરી ડોક્યુમેન્ટની ઝેરોક્ષ કોપી આપેલ સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે.
- દૂરવર્તી ડીપ્લોમાં અભ્યાસક્રમમાં ઓનલાઈન ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી પડે તો યુનિવર્સિટીનાં હેલ્પ લાઇન નંબર ૦૨૮૭૬-૨૪૪૫૩૨ અથવા ઈમેલ distancrsssu@gmail.com નો સંપર્ક કરી શકે છે.

## ➢ નીચે દર્શાવ્યા મુજબનાં ફોર્મ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

- ફોર્મ ફેક્સથી અથવા ઈ-મેઈલ થી મોકલેલ હશે.
- અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ્સ કે સહી અપલોડ કરેલ ન હોય.
- વિદ્યાર્થીએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્ર અધૂરા અથવા ખૂટતાં હોય.
- જરૂરી પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અસ્પષ્ટ અને ન વાંચી શકાય તેવી હોય.
- નિયત સમયમર્યાદા બાદ ફોર્મ પ્રાપ્ત થયેલ હશે.
- ફોર્મ સાથે પુરેપુરી ફી રૂ. ૩૪૫૦/- ભરેલ ન હોય.
- માહિતી ખોટી કે અધુરી હશે.
- જે વિદ્યાર્થી અધૂરા અથવા વાંચી ન શકાય તેવા પ્રમાણપત્રો(ડોક્યુમેન્ટ) અપલોડ કરશે અથવા યુનિવર્સિટીમાં જમા કરાવશે તો પ્રવેશ પાત્ર રહેશે નહી.
- **જો ઉપરોક્ત કોઈ વિગતે પ્રવેશ રદ ગણાશે તો વિદ્યાર્થીએ ભરેલ પ્રવેશ ફી રૂ. ૩૪૫૦/- પરત મળવા પાત્ર રહેશે નહીં. જેની ખાસ નોંધ લેવી.**

## ➢ વિદ્યાર્થીઓ પ્રથમવાર વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરશે તે સમયની સૂચનાઓ

- નીચેની વિગતો દાખલ કરતી વખતે સાવચેત રહો, તમને આ વિગતો પછીથી બદલવાની અનુમતિ (મંજુરી) આપવામાં આવશે નહીં.
- રજીસ્ટર ઈમેલ આઈડી અને મોબાઈલ નંબર પર પાસવર્ડ મોકલવામાં આવશે.
- કૃપા કરીને તમારું રજીસ્ટર ઈમેલ-આઈડીનાં ઈનબોક્સ અને સ્પામ ફોલ્ડર્સ બન્ને તપાસો.
- જો તમને ઈમેલમાં પાસવર્ડ ન મળે, તો તમારા રજીસ્ટર ઈમેલ-આઈડી કે મોબાઈલ નંબર પર પાસવર્ડ ફરીથી મોકલવા માટે પાસવર્ડ ભૂલી ગયા પર ક્લિક કરો.
- પ્રવેશ પ્રક્રિયા સમયે નોંધાયેલ ઈમેલ-આઈડી કે મોબાઈલ નંબર બદલવો નહીં.
- પ્રવેશ સંબંધિત અપડેટ્સ માટે તમારું ઈમેલ-આઈડી અને વેબસાઈટ જોતા રહેવું.

## ➢ દૂરવર્તી શિક્ષણ વિશેષતાઓ

- તકનાં અભાવે કે આર્થિક, સામાજિક કે કોઈપણ સંજોગનાં કારણે જેમનો અભ્યાસ અધુરો રહી ગયો હોય તેમને ઘરે બેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા.
- શ્રમિક અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને તેમનાં અનુકૂળ સમયે અભ્યાસની તકો.
- નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત, અંતરિયાળ ગ્રામવિસ્તારનાં ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તકો.
- સરકારી નોકરીમાં પણ માન્ય અભ્યાસક્રમ.
- જ્ઞાનનો સ્રોત સૌ માટે સમાન, સહજ અને સરલ.
- ઓછા સમય અને સંસાધનોમાં ઉચ્ચ શિક્ષણ.
- બહુ-આયામી (Multi-faceted) દૂરસ્થ શિક્ષણ પ્રણાલી
- સમાજનાં વ્યવસાયિક લોકોનાં કૌશલ્યનો વિકાસ કરવો.
- અભ્યાસક્રમનું મટિરિયલ સોફ્ટ કોપીમાં અને વિડીયો લેક્ચર.

## ➢ દૂરવર્તી શિક્ષણનાં સંસ્થાના ઉદ્દેશ્યો:-

- નવોન્મેષ સભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ.
- વિશાલ જનસમાજનાં બૌદ્ધિક,સામાજિક,સંસ્કૃતિક,આર્થિક ઉત્કર્ષ માટે સનિષ્ઠ પ્રયાસો કરવાં.
- સમાજનાં દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- રાજ્યનાં શૈક્ષણિક માળખામાં દૂરવર્તી શિક્ષણ પધ્ધતિને પ્રોત્સાહિત કરવી.
- સ્થળ, સમય અને વયની મર્યાદાઓથી મુક્ત ઉચ્ચ શિક્ષણનો પ્રવાહ.
- રાષ્ટ્ર નિર્માણમાં સમર્પિત થઈ શકે તેવા નાગરિકોનું નિર્માણ કરવું એ વિશ્વ વિદ્યાલયનો મૂલ મંત્ર છે.